**૫મી એપ્રિલે કિસાન પદયાત્રા**

# શહેરમાં વાદળિયુ વાતાવરણ

ગાંધીનગર તા ૧૩

વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરથી રાજયમાં કમોસમી વરસાદ થવાના સંકેતો સાંપડી રહયા છે. ત્યારે દરમિયાન આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધુ રહયુ હતુ. જો કે વાતાવરણ પલ્ટાના થવાની પણ શકયતા છે.

શહેરમાં ગરમીની ઋતુ ધીમે ધીમે માથુ ઉંચકી રહી છે.ત્યારે છેલ્લા એક અઠવાડીયામાં સતત બીજીવાર



ગાંધીનગરમાં આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો પણ નીચો ઉતર્યો હતો. દિવસ લીધે ગરમીમાં નગરજનોએ રાહત અનુભવી હતી હવામાન તજજ્ઞોના મત મુજબ એકાદ દિવસમાં માવઠુ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. આજે અચાનક જ આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળતા દિવસ દરમિયાન તડકી છાયડીનો વાદળિયો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો ઉંચે ચઢતા નગરજનો બપોરના સમયે આકરી ગરમી અનુભવી રહયા છે. જયારે ગત સપ્તાહ દરમિયાન અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા મોડી રાતે વરસાદી ઝાપટા સાથે અસહ્ય ગાજવીજ થઇ હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફાર જોવા મળી રહયો છે. આજે પણ હવામાન પલ્ટાના લીધે દિવસે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી. ગરમીનો પારો ૩૩ ડીગ્રીએ રહયો હતો. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ

## હવામાન પલ્ટાથી નગરજનોને ગરમીમાં પણ રાહત : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી વરસાદ પડે તેવી શક્યતા : હવામાન તજજ્ઞો

વાતાવરણ પલ્ટા સાથે ફરિએકવાર કમોસમી વરસાદ થવાની શકયતા હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાતમાં પ્રિમોન્સુન એકટીવિટી શરૂ થઇ ગઇ હોવાનુ હવામાન તજજ્ઞો જણાંવી રહયા છે. જેના પરિણામે ૩ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. ઠંડીનો પારો આજે ૧૯ ડિગ્રીએ રહયો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૬૩ ટકા રહયુ હતુ. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ એકાદ દિવસમાં કમોસમી વરસાદ પડે તેવી શકયતા છે.



પરીક્ષા - આજકાલ પરીક્ષાનો માહોલ છવાયો છે... ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ તો હજુ ચાલે છે... રવિવારે પણ મહારાષ્ટ્રના અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની પરીક્ષા યોજાઈ હતી... આશાસ્પદ ઈજનેરો એમ.ઈ. અને એમ.ટેક જેવી પદવી માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં જોડાયા હતા.... કડી કેમ્પસ રવિવારે પણ પરીક્ષાર્થીઓથી ધમધમતું રહ્યું હતું... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ આજે ચાર્જ સંભાળશે

ગાંધીનગર તા ૧૩

ભાજપ શહેર પ્રમુખ તરીકે મહેન્દ્ર દાસની નિમણુંક કરવામાં આવી છે.મહાનગર ભાજપના હોદેદારોએ આ અંગે જણાંવ્યુ હતુ કે આગામી દિવસોમાં કમુહુર્તા શરૂ થતા હોવાથી તા ૧૪ માર્ચના રોજ નવ નિયુકત પ્રમુખ મહેન્દ્ર દાસ ચાર્જ સંભાળી લેશે. સે-૨૧ સ્થિત કમલમ કાર્યાલય ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન તેઓ વિધિવત ચાર્જ સંભાળી લેશે આ તબક્કે ભાજપના કાર્યકર્તાઓ તેમજ અન્ય તમામ હોદેદારોને હાજર રહેવા જણાંવાયુ છે. શહેર ભાજપ પ્રમુખ તરીકે તેમની નિમણુંક થતા પક્ષના કાર્યકરોમાં પણ ઉત્સાહનો માહોલ છવાયો છે.



# ૫મી એપ્રિલે કિસાન પદયાત્રા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં આગામી તા. ૫ એપ્રિલના રોજ કિસાન પદયાત્રા યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ તાજેતરમાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં આગામી તા. ૫ એપ્રિલના રોજ કિસાન પદ યાત્રા યોજાનાર છે. ત્યારે આ યાત્રામાં ખેડૂતોને સ્પર્શતી વિવિધ જુદા જુદા વિભાગોને સંબંધિત બાબતો અંગેની વિગતો સંકલીત કરીને એક નાની પુસ્તિકા તૈયાર કરવા માટે કૃષિ અને સહકાર વિભાગને સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગ્રામ વિકાસ મહેસૂલ ઊર્જા વિગેરે પ્રભાગો અને વિભાગોને લગતી બાબતોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી પશુ વીમા યોજના અન્વયે કાર્યવાહી કરવા પણ કૃષિ સહકાર વિભાગને આ બેઠકમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં કિસાન પદયાત્રા દરમિયાન ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન મળેલ રજૂઆતોનો નિકાલ થાય તે અંગે કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી હોવાનું જામવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કિસાન પદયાત્રા ઉપરાંત રાજ્યમાં આગામી ૬ઠ્ઠી એપ્રિલના રોજ અન્ન સુરક્ષા અધિનિયમનું લોન્ચીંગ કરવામાં આવનાર છે. જે અંતર્ગત મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ અને મંત્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાના કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

# સેકટરોમાં તુટેલા બાંકડા વચ્ચે સોલાર લાઈટો પણ બંધ નાગરિકો ત્રસ્ત

## લાંબા સમયથી લાઇટો ડુલ હોવાથી રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૩

કોર્પોરેશન દ્વારા સેકટરોમાં મુકાયેલી સોલાર લાઈટો ટુંકા સમયગાળામાં જ ડુલ થઈ ગઈ છે. કોર્પોરેશન દ્વારા મુકવામાં આવેલા બાકડા પણ સેકટરોમાં તુટેલી હાલતમાં જોવા મળે છે. ત્યારે સોલાર લાઈટ પણ શોભાના ગાંઠીયા સમાન બનતા સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે બાકડા અને સોલાર લાઈટની અવદશા પરથી કોર્પોરેશનના ખાડે ગયેલા વહીવટનો પણ ચિતાર મળી રહયો છે.

શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ આમ નાગરિકોને મળતી પાયાની સુવિધાઓમાં પણ કાંઈ ફેર પડયો ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે નાગરિકોના માથે કરબોજો નાંખી વેરો વસુલવામાં આવતો હોવાનો રોષ પણ પ્રવર્તયો છે. ત્યારે કોર્પોરેશન દ્વારા સેકટરોમાં આમ નાગરિકોની સુવિધા માટે જરૂરી કામો હાથ ધરવામાં પણ ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં ઠેર ઠેર મુકવામાં આવેલા મોટાભાગના બાકડા પણ તુટેલી હાલતમાં છે. ત્યારે નવા બાકડાઓ પણ બેઠકની દ્રષ્ટીએ સલામત ન હોવાનો અનુભવ આમ નાગરિકો કરી રહયા છે. સેકટરોમાં આડેધટ બાકડા મુકી દેવાયા છે. ત્યારે તુટેલા બાકડા દુર હટાવવા માટે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.બીજીતરફ કોર્પોરેશન દ્વારા સેકટરોમાં મુકવામાં આવેલી સોલાર લાઈટો પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. સેકટરોમાં મુકવામાં આવેલી લાઈટો અજવાળુ ન પાથરતા રહીશોમાં રોષ વ્યાપ્યો છે. સોલાર લાઈટ અને બાકડા પાછળ ખર્ચાયેલા પૈસા પાણીમાં ગયા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. કોર્પોરેશન દ્વારા બગીચામાં રમતગમતના સાધનો મુકવાના મામલે પણ પારદર્શકતા જળવાઈ ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે સેકટરોમાં મોટા ઉપાડે મુકવામાં આવેલી સોલાર લાઈટની જાળવણીના મામલે પણ કોઈ પગલા લેવાતા નથી સેકટરના નાગરિકો પણ આ મામલે ફરિયાદ કરીને થાકી ગયા છે. સેકટરોમાં તુટેલા બાકડા અને બંધ સોલાર લાઈટ કોર્પોરેશનના વહીવટી ચિતારને તાદ્રશ્ય કરી રહયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

**વાલમ ગામ સુરજબા પરિવાર ગાંધીનગર**

વાલમ ગામ સુરજબા પરિવાર, ગાંધીનગરની રચના માટે પરિવારના સભ્ય થવા માટે વાલમ ગામના વતની અને ગાંધીનગર સ્થિત સજ્જનોને નીચે જણાવેલ નામ અને ફોન નંબર સાથે સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

મહેન્દ્રભાઈ એ. દવે - 94086 85485
દિનેશભાઈ કાનજીભાઈ પટેલ - 98250 48692
હસમુખ વણારસી પટેલ - 94275 53235
પ્રકાશભાઈ કાન્તિલાલ દવે - 94292 02470
લલ્લુભાઈ હરિભાઈ પટેલ - 95745 64789

# સાસણગીરમાં પ્રાણીઓ માટે પાણીની ખાસ વ્યવસ્થા કરાઈ

## ઉનાળાની સિઝન પહેલા આયોજન : ૫૦૦થી વધુ કૃત્રિમ કુંડીઓ કાર્યરત છે



અમદાવાદ, તા.૧૩

સાસણગીરમાં વન્ય વિભાગ દ્વારા પ્રાણીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમી શરૂ થાય તે પહેલા જ વન્ય પ્રાણીઓ માટે ૫૦૦થી પણ વધુ કૃત્રિમ કુંડીઓ બનાવી દેવામાં આવી છે જેમાં સિંહ સહિતના વન્ય પ્રાણીઓ પાણી પીવે છે. આ આયોજન ખુબ જ આયોજન પુર્વક કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

કાળજાળ ઉનાળાની તપતી ગરમીથી ધરતી સેકાઈ રહી છે. ત્યારે ગીર સોમનાથ નજીક આવેલા વિશ્વ સુપ્રસિધ્ધ એસયાન્ટીક સીહો માટે જંગ વિખ્યાત સાસણ ગીરમાં વન વિભાગના અધિકારીઓ વન્ય જીવો ને પીવાના પાણીની વ્યવસ્થા માટે કટીબધ્ધ બન્યા છે. વન વિભાગે વન્ય પ્રાણીઓ ને પીવાનું પાણી મળી રહે તે માટે જંગલ વિસ્તાર માં ૫૦૦થી વધુ કૃત્રિમ કુંડીઓ કાર્યરત કરી છે. આ કુંડીઓ મા પાણી ટેન્કરો દ્વારા, પવન ચક્કી દ્વારા, સોલાર સીસ્ટમ નથી અને માનવ શક્તિ દ્વારા ભરવામાં આવે છે. સવાર સાંજ બન્ને સમય વન વિભાગ દ્વારા આ કુંડીઓમાં પાણી ભરવામાં આવે છે. જેના કારણે પાણી માટે વન્ય જીવોને ઠેર ઠેર ભટકવું નહીં પડે ખાસ કરીને કુદરતી રીતે જયા પાણી નથી મળી શકતુ તેવા સ્થળોએ વન વિભાગ દ્વારા ખાસ કરીને પાણીની કુંડીઓ બનાવવામાં આવી છે. ચોમાસાની સિઝનમાં અપુરતા વરસાદના કારણે વન્ય જીવો માટે આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે અને કાળ જાળ ગરમીમાં તો પાણીને લઈને વન્ય જીવોને કોઈ તકલીફ નહી પડે તેમ સાસણ ગીરના ડી.સી.એફ.ડો.રામ રતન નાવાએ જણાવ્યું છે.

# આંગણવાડી પૈકી મોટાભાગની ભાડાના આવાસમાં કાર્યરત છે

## ૪૦ ટકા આંગણવાડીમાં પાણી-શૌચાલયની સુવિધા નથી

અમદાવાદ, તા.૧૩

રાજયમાં જયાં એક તરફ ગરીબ વર્ગના બાળકોને અભ્યાસની સાથે અન્ય કૌશલ્યનો વિકાસ થઈ શકે એ હેતુથી રાજ્ય સરકાર મોટાભાગના વિસ્તારોમાં આંગણવાડી શરૂ કરવા માટે પ્રોત્સાહન આપી રહી છે,ત્યારે બીજી તરફ એક સર્વે મુજબ રાજ્યમાં હાલ કાર્યરત પૈકી મોટાભાગની આંગણવાડીઓને પોતાના મકાન જ નથી.૩૨ ટકા આંગણવાડીઓને ભાડાના મકાનમાં ચલાવવામાં આવી રહી છે.આ અંગે મળતી માહિતી મુજબ,ચાઈલ્ડ રાઈટસ એન્ડ યુ નામના સ્વૈચ્છીક સંગઠન દ્વારા રાજયમાં અમદાવાદ,મોરબી સહિત અન્ય વિસ્તારોમાં કાર્યરત આંગણવાડીઓ અંગે એક સર્વગ્રાહી સર્વે તૈયાર કરવામાં આવ્યો છે. જેના રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં ૨૭ જેટલી આંગણવાડીઓ ચલાવવામાં આવી રહી છે,આ પૈકી ૨૪ ભાડાના મકાનમાં ચલાવવામાં આવી રહી છે.તો મોરબીમાં કુલ ૭ જેટલી આંગણવાડીઓ કાર્યરત છે.આ તમામ ભાડાના મકાનમાં ચલાવવામાં આવી રહી છે.દેવભૂમિ દ્વારકામાં કુલ મળીને ૧૧ જેટલી આંગણવાડી ચલાવવામાં આવી રહી છે,જે પૈકી ૬ આંગણવાડી ભાડાના મકાનમાં કાર્યરત છે.

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

WE CAPTURE Feelings
આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
Vinayak Vision Video Films
Video - Photo Graphics - 2D&3D Annimation
Available Services :
● HD Live Setup
● Zimi 35 Ft.
● Full HD Camera Setup
● L.E.D. Wall Screen
● Web Live Telecast through Internet
● Plazma TV / Projector Screen
Mo. 98248 28169
E-mail : jaycholy@gmail.com | website : www.vinayakfilms.com

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com